ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

શ્યામની રાધા અને સઘળુંય મીરાંનું,
પારકી પીડા અને સઘળુંય મીરાંનું.

વાંસળી વાગ્યાનો ઝીલે ભાસ ગોપીઓ
ઝૂરતી વીણા અને સઘળુંય મીરાંનું.

મોરનો ગહેકાટ ના કેમેય ઝિલાતો,
મખમલી પીંછાં અને સઘળુંય મીરાંનું.

- વારિજ લુહાર

## પાથેય

- રમેશ ઠક્કર

# મોહનનું એ મીરાંનું !

શ્રાવણ માસ એટલે જ ઉલ્લાસ. તહેવારો અને હરખનો સંગમ..એમાં પણ જન્મોત્સવ એટલે તો માધવ અને મેળો..આખો માસ મેહ અને માધવમય બનીને ઉલ્લાસ સાથે ભકિતનો એક અનોખો સંજોગ રચી જતો હોય છે..કૃષ્ણના ભક્તો પણ ગજબ છે..એમની તદ્રૂપતા અને તલ્લીનતા અનોખી હોય છે..આપણે ત્યાં નરસિંહ, દયારામ કે મીરાં એનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે..સુરેશ દલાલને એક ઇન્ટરવ્યુમાં કોઈકે પ્રશ્ન કરેલો કે "તમને સ્ત્રી થવું ગમે ?" એનો અદ્ભુત ઉત્તર એમણે આપેલો કે "હા એ જો મીરાં થવાનું હોય તો !" મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ના કોઇ..એમ કહેતી મીરાં ઘનશ્યામ પ્રત્યેના પોતાના ઉત્કટ સ્નેહને શબ્દોમાં ગૂંથેલ છે..જે શ્યામનું છે એ સઘળું એને ગમે છે..એક નારી પોતાના પ્રિય પાત્ર માટે બીજી કોઇ સ્ત્રીને સહન જ ના કરી શકે..પરંતુ મીરાંનો પ્રેમ એ દુન્યવી આનંદનો પર્યાય નથી..એ શ્યામને રાધા સહિત પોતાનો માની ચાહે છે..જે શ્યામનું છે એ સઘળું પોતાનું એમ સ્વીકારતી મીરાં ઉચ્ચ ભક્ત હોવાનું પુરવાર કરે છે..આ જ મોરાં સહજપણે કહી શકે કે 'મને ચાકર રાખો જી.." આ પંકિતમાં જે અરજ છે એ પરમાત્મા સાથેની જાણે સહજ તરજ છે..ભક્ત હૃદયની એક તરસ છે..

કૃષ્ણ અને ગોપીઓનાં મધુર ગાન અને રાસની અનેક વાતો આપણે ત્યાં પ્રચલિત છે..ગોપીઓને સતત ઘનશ્યામનો સહવાસ જોઇએ છે..મુરલીધર મોહનના મુખડાની માયા એને લાગેલી છે..શ્યામ રંગ આખો એને મનગમતો છે..એ રિસાય છે એમાં પણ એક પ્રકારના સ્નેહની અપેક્ષા હોય છે..જયાં મોરલીનો મધુર નાદ સંભળાય એટલે એની રીસ આપોઆપ ગાયબ થઈ જાય છે..અને એ કાનુડા પાછળ ઘેલી બની જાય છે..કૃષ્ણભક્ત હોય અને એ ઘેલો ના હોય એવું બને જ કેમ ? એમને આપણે દીવાના કે અવ્યવહારુ કહી ભલે ઉપેક્ષા કરીએ..એમની ખુમારી જોવા જેવી છે..નરસિંહ મહેતા કહે છે એમ 'એવા રે અમે એવા રે,તમે કહો છો એવા રે..ભકિત કરતાં જો કહેશો એવા તો કરશું દામોદરની સેવા રે !"..આ ઉત્કટતા,વાંસળી વાગવાનો સતત આભાસ કે પગરવ કે પ્યાસ,ઝૂરતી વીણા..આ બધું જ જેને પોતીકું લાગે છે એ છે મીરાં ! મીરાં બની શકાતું નથી..મીરાં આપોઆપ પ્રગટે છે..સહજ પાંગરતા પ્રેમની માફક..કવિ સરસ કલ્પનો થકી મીરાંના ભાવજગતને આપણી સમક્ષ ખુલ્લું કરી આપે છે..મીરાંને જાણવા માટે થોડુંક ભાવનાશીલ બનવું જરૂરી છે..મીરાં એ માપવાનો નહીં વ્યાપવાનો વિષય છે..

મોહનની વાત હોય અને મોરપિચ્છ ના આવે એવું બને ખરૂં ? વિશ્વમાં એવો કોઇ મહામાનવ હશે જે મુસીબતો વચ્ચે પણ માથા ઉપર પાછું ફરકાવી મલકતો જોવા મળે ? એ પીછાની પાછળ પ્રગટતું અપ્રતિમ સૌંદર્ય અને મોરલાના ગળાનો ગહેકાટ અજાયબ માહોલ ખડો કરે છે..એને ઝીલવો એ સંસારીનું કામ નથી ! મખમલી પીછાંનો એ સ્પર્શ માણવાનું ગજું ગણતરીબાજ લોકોનું નથી..એ માટે મીરાં જેવું મન જોઇએ..મીરાં આ બધાની પોતાનું માની ભક્ત હૃદયના ઉત્કટ ભાવોને પોતાનાં પદોમાં પરોવી આપે છે..મીરાં જેવી ચાહત હોય તો જીવનમાં આપોઆપ એક રાહત અનુભવાય છે...

# હાઈ કમાંડનો પરચો

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસના શાસનકાળથી જ રાજકીય પક્ષના સુકાનીઓ માટે 'હાઈકમાંડ' શબ્દ વપરાતો થઈ ગયો હતો. ઈંદિરા ગાંધીથી વધારે મોટું કોઈ હોઈ જ ન શકે અને નીચેના નેતાઓ કે કાર્યકરો અને મીડિયા ગાંધી-નહેરુને સ્વર્ગમાં જઈને નીચે ઉતારી લાવે તો પણ ઈંદિરા ગાંદી કોઈની વાત કાને ધરવા સહમત નહીં થાય એવી જડબેસલાક છાપ અને ધાક કોંગ્રેસના બૂથ લેવલના કાર્યકરથી લઈ કૅબિનેટ મંત્રીગણ અને કોંગ્રેસ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓમાં છવાયેલી હતી. ઈંદિરા ગાંધી ફક્ત અને ફક્ત એમના લોહીમાં વિશ્વાસ ધરાવતા વડાપ્રધાન હતા. એથી નાના પુત્ર સંજય ગાંધીને તેઓ પોતાના એક માત્ર રાજકીય વારસ તરીકે ઊછેરતાં રહ્યાં અને જયારે એ ઉદ્દંડ યુવાને દિલ્હીના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બુલડોઝર ફેરવ્યાં તથા લોકોનું બળજબરીપૂર્વક ખસીકરણ શરૂ કર્યું ત્યારે પણ એમના પેટનું પાણી નહોતું હાલ્યું, દરમિયાન સંજય ગાંધીનું હવાઈ અકસ્માતમાં અકાળે મૃત્યુ નીપજતાં એમને રાજકારણથી સલામત અંતર રાખી પાઈલટ તરીકેની કારકિર્દી શરૂ કરનાર જયેષ્ઠ પુત્રને પરત બોલાવી લઈ રાજકીય વારસો સુપરત કરી દીધો હતો અને પિતરાઈ ભાઈ અરુણ નહેરુને એમની તાલીમની જવાબદારી સોંપી હતી. 'હાઈકમાંડ'ની ધાક એટલી પ્રચંડ હતી કે એ સમયના ધુરંધર રાજકીય નેતાઓને પણ એ 'છોકરડાં' ની કદમબોસી કરવા માંડી હતી. રતુભાઈ અદાણી જેવા શુદ્ધ ગાંધીવાદી નેતાને હાંસિયે ધકેલી લઈ ઈંદિરા ગાંધીએ ક્ષત્રિય - ઓબીસી નેતા માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રી બનાવ્યા હતા અને ચીમનભાઈએ તાકાત બતાવવા કોશિશ કરી એમની કારકિર્દી પર અર્ધવિરામ મુકાઈ ગયું હતું. હાઈકમાંડ સામે હરફ પણ ઉચ્ચારવાનો અર્થ હતો સત્તાથી દૂર, કચરા ટોપલીમાં ફેંકાઈ જવાનો. પ્રણવ મુખર્જીને રાજીવ ગાંધીએ ઈંદિરાજીની હત્યા વખતે પૂછેલું કે હવે પછી કોણ ધુરા સંભાળશે ? ત્યારે મહત્ત્વાકાંક્ષાને કાબૂમાં નહીં રાખી શકેલા બંગાળી બાબુએ પોતાની મંત્રીમંડળની સિનિયોરિટીનો અંદાજ વ્યક્ત કરતાં કહ્યું હતું : મેડમ પછી જે નંબર ટુ મંત્રી હોય તે, (અર્થાત્ હું પોતે). ચમચામંડળીએ રાજીવ ગાંધીનો રાજયાભિષેક કરાવ્યો હતો અને પ્રણવ જેવા સુયોગ્ય મંત્રી વડાપ્રધાન બનવાની વાત તો દૂર, મંત્રીમંડળમાં સ્થાન સુધ્ધાં નહોતા પામ્યાં. હાઈકમાંડની આવી જ પ્રચંડ તાકાત ઈંદિરાજી પછી આપણને વર્તમાન 'શાસક બેલડી'માં દેખાય છે. ગુજરાતના આ બે શક્તિશાળી નેતાઓ ચમરબંદીઓની પણ પરવા નથી કરતા તે હાલની કેટલીક ઘટનાઓમાં સ્પષ્ટ જોઈ શકાય છે. પાર્ટીની સર્વોચ્ચ સમિતિઓમાંથી નીતીન ગડકરી અને શિવરાજસિંહ ચૌહાણ જેવા વરિષ્ઠ લોકપ્રિય નેતાઓની બાદબાકી અને ગુજરાતના મંત્રીમંડળના બે લોકપ્રિય છતાં પ્રો-એક્ટિવ મંત્રીઓનાં ખાતાં ખૂંચવી લેવાની ઘટના તે હાઈ કમાંડનો જ પરચો છે. અગાઉ આ પરચો આખેઆખા રૂપાણી મંત્રીમંડળને રાતોરાત કચરા ટોપલીમાં પધરાવી દેવાની આઘાત અને આશ્ચર્ય પમાડનારી ઘટના સ્વરુપે વ્યક્ત થયો જ હતો. લોકતંત્રમાં 'પાર્ટીનો હાઈકમાંડ' એ રીતે એક બીકાળવું પ્રકરણ છે. શિસ્તના નામે અથવા પોતાની અંગત મર્યાદાઓને લક્ષમાં લઈ ફેંકાઈ જનારા નેતાઓ ચુપચાપ હાઈકમાંડનો આદેશ સ્વીકારી તો લે છે, પણ એથી એમની ઈજ્જતના ધજાગરા થાય છે અને પોતે કેટલા વામણા હતા - એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. ગુજરાતના શક્તિશાળી પૂર્વ મુખ્યમંત્રીઓ માધવસિંહ સોલંકી કે શંકરસિંહ વાઘેલાને આવો પરચો મળેલો છે. જીવરાજ મહેતા પાસે બહુમતી હોવા છતાં મોરારજી દેસાઈએ એમને ખસેડી દઈ હાઈકમાંડનો પરચો બતાવ્યો હતો. લોકતંત્રમાં આ 'હાઈકમાંડ' નામનું તત્ત્વ હરહંમેશ અકળ રહ્યું છે અને પ્રબળ રહ્યું છે !

# પત્નિનાં અનૈતિક સંબંધો હોય તો પણ ભરણપોષણ મેળવવા હક્કદાર-ગુજરાત હાઈકોર્ટ




ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે પત્નિ દ્વારા છૂટાછેડા હોવા છતાં પતિ સાથે રહેવા કરેલી અપીલમાં અવલોકન કરતા જણાવ્યું કે, પત્નિને લગ્નનાં થોડા વર્ષો બાદ અનેક લોકો સાથે અનૈતિક સંબંધો હોવાનાં ગ્રાઉન્ડ પર પતિએ ફેમીલી કોર્ટમાંથી છૂટાછેડા મેળવ્યા હતા જે હુકમને પત્નિએ હાઈકોર્ટમાં પડકારેલ અને પત્નિએ અપીલમાં એવી હકીકત રજુ કરી હતી કે, તેને પતિનાં ઘરે તેની સાથે રહેવું છે, જો પતિ સાથે ના રાખે તો ભરણપોષણ અપાવો, જેમાં ખંડપીઠ દ્વારા ટકોર કરવામાં આવી કે, ભરણપોષણ મેળવીને છૂટા થઈ જાવ, પતિને તમારી સાથે રહેવું નથી અને આવા લગ્નનો કોઈ જ મતલબ પણ નથી.

ગાંધીનગરની એક પરણિતાએ હાઈકોર્ટમાં તેમના છૂટાછેડાની ડીક્રીને પડકારતી અપીલ કરી હતી કે, તે અને તેનો દીકરો બંને સને ૨૦૧૪થી અલગ રહીએ છીએ અને હવે દીકરો તેનાં પિતાને ઓળખતો પણ નથી, તેથી આ બાબતે પતિ તરફથી એવી દલીલો કરવામાં આવી હતી કે, તેની પત્નિ તેના કરતા બમણું કમાય છે અને તેને હેરાન કરવા માટે ભરણપોષણ માંગી રહી છે.

આ કેસમાં ખંડપીઠ દ્વારા એવી ટીપ્પણી કરવામાં આવી હતી કે, પત્નિ ભલે તમારા કરતા વધારે કમાતી હોય, પરંતુ ભરણપોષણ મેળવવા હક્કદાર છે. બધી જ રકમ એક સાથે ચૂકવી દો તો ઝડપથી છૂટા થઈ શકશો નહિ તો ભરણપોષણ તો આપવું જ પડશે. આ ઉપરાંત ખંડપીઠે દિકરા અને તેની પત્નિને ભરણપોષણ આપવાનાં મામલામાં ટકોર કરતા મહિલાનાં પતિને એવી દલીલ પણ કરી હતી કે, પત્નિ ભલે ગમે તેવા અનૈતિક સંબંધ રાખતી હોય, પરંતુ તેના બાળક અને પત્નિને ભરણપોષણના હક્કથી વંચિત રાખી શકાય નહી. આ ઉપરાંત બાળક પ્રત્યેની જવાબદારીમાંથી પિતા છટકી શકે નહી. પત્નિ વ્યભિચારી હોય તે કારણે ભરણપોષણ નહી આપવું તેવો કોઈ જ કાયદો પણ નથી.

આ સમગ્ર કેસમાં પિતાએ દિકરાને આપી જીંદગીના ખર્ચા માટે આઠ લાખ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, તે સાંભળી કોર્ટ દ્વારા એવી ટીપ્પણી કરવામાં આવી હતી કે, પહેલા એવો વિચાર કરો કે દિકરાને આખી જીંદગીમાં ભણતર, મેડીકલ અને બીજા દવા-દારૂં ખર્ચા કેટલા થાય? હાલમાં એક વર્ષની ટ્યૂશન ફી લાખ જેટલી છે. તમે તમારી સગવડ પ્રમાણે પ્રસ્તાવ આપો નહિ, તો કોર્ટને યોગ્ય લાગશે તેવી રકમ જણાવશે. જો પત્નિના ત્રાસથી છૂટવું હોય તો જલ્દીથી ભરણપોષણ આપીને છૂટા થાવ.

કોરોના કોળમાં ફેમીલી કોર્ટમાં પતિ દ્વારા પત્નિને ભરણપોષણ ચૂકવ્યું ના હોય તેવા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૨૫(૩) નાં કેસોમાં અતિશય ભરાવો થઈ રહ્યો છે. પતિ દ્વારા એવી દલીલ કરવામાં આવે છે કે, કોરોનાકાળમાં નોકરી-ધંધા નથી, ભરણપોષણ ચૂકવી શકે તેવી સ્થિતિમાં નથી. બાર મહિનાનું ભરણપોષણ ચઢી નાય ત્યારબાદ કોર્ટ દ્વારા જપ્તી વોરંટ કાઢવામાં આવે ત્યારે ના છૂટકે પતિ નામ. કોર્ટમાં હાજર થાય છે અને કોર્ટમાં હાજર થઈ થોડા નાણાં ચૂકવી છટક બારી શોધે છે. નાણાં ના ભરે મુદ્દતો લે પત્નિ હારી થાકી જાય તો પરિણામે હોછી રકમમાં છૂટાછેડા મેળવી શકવાની કાવતરામાં પતિ ફાવી જાય છે. તેથી નામ. સુપ્રિમ કોર્ટ તાજેતરમાં આદેશ જારી કરી હુકમ કરેલ છે કે, પતિ દ્વારા નામ. કોર્ટમાં સોગંદનામું રજુ કરી તેમાં ઈન્કમટેક્ષમાં જણાવ્યા મુજબની તમામ બધી હકીકતો આવક-જાવકની, માલ-મિલકતની કોર્ટમાં સોંગદનામા ઉપર પુરાવાસહ જાહેર કરવી પડે છે. કોર્ટમાં ખોટું સોગંદ ઉપર જણાવવું એ, ભારતીય દંડ સંહિતાની કલમ-૧૯૯ અને કલમ-૧૯૧ સાથે સાત વર્ષ સુધીની જેલની સજા અને દંડ અને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૦૯ હેઠળ બે વર્ષ સુધીની જેલની સજા અને દંડનો ગુનો નોંધી શકે છે અને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૧૯૧, ૧૯૩, ૧૯૯ અને ૨૦૯ મુજબ સોગંદનામામાં જણાવેલ તમામ હકીકત ખરી હોવી જોઈએ. જે ધ્યાને લઈ કોર્ટ પતિની તથા બાળકોનાં ભરણપોષણની રકમ જાહેર કરતો હુકમ કરે છે. પતિ જેવી લાઈફસ્ટાઈલ જીવે તેવી રીતે પત્નિ તથા બાળકોને રાખવા બંધાયેલો છે. જેવી લકઝરી પોતે ભોગવતો હોય તેવી જ રીતે પત્નિ તથા બાળકોને સુખ-સાયબી, સગવડો આપવી જોઈએ. સ્ત્રી સમાનતાનાં હક્કો મેળવવાનાં કાયદા માત્ર કાગળ ઉપર જ નથી. હવેથી ખોટું સોગંદનામું કોર્ટમાં રજુ કરતા પકડાય તો પતિને કોર્ટ દ્વારા આરોપી બનાવી ફોજદારી ફરીયાદ પણ દાખલ કરવામાં આવશે. જેથી ઓછી આવક કે આવક છૂપાવવી એ એક પ્રકારનો ફોજદારી ગુનો ગણાશે. નોકરી-ધંધો કરતા હશે અને સોગંદનામા ઉપર બેકાર દર્શાવવું એ પણ ગુનો ગણાશે. પૈતૃક સંપત્તિના માલિક હોવા અંગેની જાણકારી પણ સોગંદનામામાં વિગતવાર જણાવવી પડશે. જે ધ્યાને લઈ કોર્ટ પત્નિ તથા બાળકોના ભરણપોષણની રકમ નક્કી કરશે. પત્નિ અનૈતિક સંબંધો હોવાના કારણે ભરણપોષણની જવાબદારીમાંથી છટકી શકાય નહિ.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# ભગવાન! શનિ-રવિ માટે આભાર ! અને સોમ-મંગળ-બુધ-ગુરુ-શુક્ર માટે પણ !




દરિયાના સુંદર ચિત્ર ઉપર સૂત્ર છાપેલું હતું : ભગવાન ! શનિ રવિ માટે આભાર !

સુંદર ચિત્ર હતું. ઘરની શોભા માટે તેઓને ખરીદવાને શોખ છે એ જાતનું મોટુ રંગીન કલાત્મક, ઘરની દીવાલ ઉપર બધાં જુએ એવી રીતે ટિંગાવી શકાય અને જેવાથી જ આરામને ભાસ કરાવે અને આનંદને ભાવ પ્રેરે એવું આકર્ષક ફોટોચિત્ર હતું. ચિત્રમાં દરિયો, હવા ખાવાનું વાતાવરણ, મોજાંઓનો અવિરત ખેલ, ભૂરું આકાશ, સોનેરી રેતી ને એમાં ગમ્મત કરતાં બાળકો. સુંદર ચિત્ર હતું. અને એના ઉપર સુંદર સૂત્ર હતું. ભગવાન! શનિ-રવિ માટે આભાર !

સૂત્રમાં એ ભાવ હતો કે જિંદગીમાં તે કંટાળો છે, વૈતરું છે, નરી ગુલામી છે તે કંઈ નહિ તે અઠવાડિયાને અંતે એકાદ દિવસ આરામ મળે એની કદર છે અને એનો લાભ છે. રવિવારના વિચારથી અઠવાડિયું સહન થાય, રજાના દિવસની રાહમાં કામના દિવસો પસાર થઈ જાય. જીવનમાં વિસામો છે. રણમાં દરિયો છે. અઠવાડિયામાં શનિ-રવિ છે. ભગવાનને આભાર !

ચિત્ર જોઈને એને એ ભાવ હું સમજતા હતા, ઝીલતો હતો. સૂત્ર સચોટ હતું અને ચિત્ર કલાત્મક હતું. એની કદર હું કરી શકે એમ છું. તેય એ ચિત્ર જોતાં અને સૂત્ર વાંચતાં મારા મનમાં બીજો ભાવ ઊડ્યો અને જોર સાથે સખત ફરિયાદ થઈ . શનિ રવિ માટે આભાર અને સોમ મંગળ બુધ-ગુરુ-શુક્ર માટે નહિ? અઠવાડિયામાં બે દિવસ સારા છે ને બીજા પાંચ ખરાબ? રવિવાર માટે આભાર તે સોમવાર માટે ગાળો, એમ? જીવન જીવવાનું છે તે ખાલી શનિ રવિ માટે જ જીવવાનું છે, અઠવાડિયાના સાત દિવસ માટે નહિ? ફક્ત બો દિવસ સારા? ફક્ત અડતાળીસ કલાક મંગળ ? તે બીજા કલાકનું શું ને બીજા દિવસનું શું ને બાકીના જીવનનું શું? એ સૂત્રનાં જીવનને આદર નહિ, અનાદર છે. ભગવાનનું માન નથી, અપમાન જ છે.

હા, કામ તે કામ અને આરામ તે આરામ એ હું જાણું છું. મને પણ રવિવારે આરામ કરવો એ સોમવારે કામ કરવા કરતાં વધારે ગમે છે. રજાઓના દિવસો ગમે છે, દરિયાકિનારો ગમે છે. ઊછળતાં મોજાં ગમે છે. હું બરાબર જાણું છું કે અમુક દિવસો મજા પડે છે અને અમુકમાં કટાળે લાગે છે. એ બધું હું જાણું છું અને સ્વીકારું છું. પરંતુ અમુક દિવસ માટે ભગવાનને આભાર મનાય અને અમુક માટે ન મનાય એ હું બિલકુલ સ્વીકારતો નથી. એને સખત વિરોધ કરું છું. એનું ખંડન કરું છું.

ભગવાનનો આભાર માનું છું તે આખી જિંદગી માટે માનું છું અને એના બધા દિવસો માટે માનું છું. અમુક માટે માનું ને અમુક માટે ન માનું એને અર્થ એ થયો કે ભગવાનનું કામ ક્યારે સારું છે અને ક્યારે નથી એ નક્કી કરનાર હું જ છું, એટલે કે ભગવાનનાં કાર્યો ઉપર હું ન્યાયાધીશ બેઠો છું, એટલે કે ભગવાન કરતાં હું મોટો છું. અને એ કહેવું તો અધર્મ છે. તમારે રવિવાર સારો. વાહ, વાહ, ને બીજા દિવસનું શું? એ બધા નકામા? આભાર માનવો હોય તે બધાને માટે માનો, અને નહિ તે એકને માટે પણ ન માનો. તમે ભગવાનનો ન્યાય કરવા બેસો એ નહિ શોભે.

અને વૃત્તિ પણ જુઓ. શનિ-રવિની જિંદગી સાચી... બીજી બધી નકામી. પણ શનિ રવિની જિંદગી તે જિંદગીનો ત્રીજો ભાગ પણ નથી. માટે ઘણી ખરી જિંદગી ખરાબ, અને ફક્ત એનો થોડો ભાગ સ્વીકાર્ય. વિનાશની વૃત્તિ છે. દેવાળું કાઢવાની લાચારી છે. જિંદગીને મોટો ભાગ નકામો. બધા સોમ-મંગળ-બુધ-ગુરુ-શુક અશુભ પહેલેથી જ છેતરાયા. બજારમાંથી અનાજ લીધું હતું એનો મોટો ભાગ સડેલો હતા અને ફેંકવો પડ્યો. જિંદગી ફેંકવી પડી. સાત દિવસમાંથી પાંચ દિવસ ફેકવા પડ્યા. પછી ખાઈશું શું?

અને... હમેશાં સમવાર કરતાં રવિવારે વધારે મજા પડતી હોય એમ પણ નથી હોતું. કોઈ વાર સોમવારે ખરી મજા પડે. અને કોઈ વાર રવિવારે અસહ્ય કંટાળો લાગે. દરેક દિવસમાં કંઈ ને કંઈ સારું છે ને કંઈ અપ્રિય છે. હવે જો પહેલેથી જ સારા અને ખરાબ દિવસની વહેંચણી કરીએ, અને ખરાબમાં પાંચ ને સારામાં ફક્ત બે આવે, તો આ બે પણ બગડશે ત્યારે આપણી પાસે કશું રહેશે નહિ. સાતે સાત દિવસને જે સારા ગણીએ તે એમાંથી એકાદ બગડે તોય હજી ઘણા બચશે અને જિંદગી સારી રહેશે. બધા દિવસોને માટે ભગવાનને આભાર માનીએ તો દરેકમાં કંઈક ને કંઈક સારું જોવાની વૃત્તિ જાગે, ને એમાં સફળતા પણ મળે અને દિવસો સારા જાય. પહેલેથી જ જો સાતમાંથી પાંચ દિવસને ખરાબ ઠરાવીએ તે આખું જીવન બરબાદ થઈ જાય.

ચિત્ર ગમે છે. શનિ-રવિને પૂરો લાભ લેવા આગ્રહ ગમે છે. રજાઓને આનંદ ગમે છે. દરિયાકિનારાની લહેરીઓ ગમે છે. પણ આખી જિંદગી પણ ગમે છે અને કામના દિવસે પણ ગમે છે. માટે ચિત્ર ઉપરના સૂત્રમાં હું થોડો સુધારો કરી લઉં : ભગવાન! શનિ-રવિ માટે આભાર ! અને સોમ-મંગળ-બુધ-ગુરુ-શુક્ર માટે પણ !


Last Seen :

કૈંક વિદ્યાર્થી ને કૈંક પંડ્યા બન્યા, જગત આ એક નિશાળ મોટી,
કુશળ થઈ કૈંક ભણતર ભણ્યો માનવી; જળ પવનની જ કાઢે કસોટી;
વ્યોમ ઊડે અને જાય ભૂગર્ભમાં. કાઢતા હરિની કૈંક ખામી;
કુદરતી કોરટે જયાં ચડ્યો માનવી, (ત્યાં) ભણેલી સર્વ વિદ્યા નકામી.

- કવિ કાગ

- nehalgadhavi101@gmail.com

# ઉત્તર ગુજરાતમાં વહી કેળવણીની ધારા : પાંચ હજારથી વધુ શિક્ષિકાઓની આપનારા ગોરા ભૂલાશે નહીં




(ગતાંકથી આગળ...)

જોકે, હજી નક્કી કરી શકાતું નહોતું કે, ક્યાં બેસીને કામ કરવું. દરેક કર્મશીલને નિયત કરેલી જમીન-ભૂમિ સાદ કરીને બોલાવતી જ હોય છે. સુમતિબહેન અને ગોવિંદભાઈ કદાચ એ સાદની રાહ જોતાં હતાં અને એ



સાદ સંભળાયો. એક દિવસ પિતાજી જેઠાભાઈએ દીકરા ગોવિંદને કહ્યું કે, શું કામ ફાંફા મારે છે? તારે ગામડાંમાં જ કામ કરવું છે ને તો તારી જન્મભૂમિમાં જ કામ કરને? બસ, આ સાદ ગોવિંદભાઈએ સાંભળી લીધો અને પછી તો તેઓ પોતાના વતન હડિયોલમાં બેઠા. બે વર્ષ ખૂબ મહેનત કરી. જોકે, સમાજસેવા કરવી સહેજેય સહેલી નથી. ભક્તિ કરવી અને સમાજસેવા કરવી એ ખાંડાની ધાર પર ચાલવા બરાબર છે. બંનેમાં વ્યક્તિએ શૂન્ય થઈ જવું પડે છે. અનેક પડકારોનો સામનો કરવો પડે છે. એ પછી મનોમંથન ચાલતું રહ્યું અને છેવટે સ્ટેશન આવ્યુંઃ વિશ્વ મંગલમ, અનેરા.

નામ કેવી રીતે પડ્યું? ખૂબ રસપ્રદ વાત છે.

કૂવા પર સુમતિબહેન અને ગોવિંદભાઈ કપડાં ધોતાં હતાં. સંસ્થાની વાત થતી હતી. ગોવિંદભાઈએ કહ્યું કે, કશુંક વૈશ્વિક હોવું જોઈએ. (વિનોબાએ કહ્યું જ છે ને કે, વૈશ્વિક સ્તરનું વિચારો અને સ્થાનિક કક્ષાએ કામ કરો, થિંક ગ્લોબલી, એક્ટ લોકલી) સુમતિબહેને તેમાં ઉમેરો કર્યો. વૈશ્વિક હોવું જોઈએ એ વાત તો સાવ સાચી, પરંતુ એ મંગલમય હોવું જોઈએ.

અને લો નામ મળી ગયુંઃ વિશ્વ મંગલમ. અનેરા ગામ પાસે આ સંસ્થાએ આકાર લીધો એટલે અનેરાનું નામ પણ તેની સાથે જોડાયું.

કામ શું કરવાનું? શિક્ષણ અને કેળવણી. ગોરાએ પછી તો ધૂણી ધખાવી. અહીં એવું શૈક્ષણિક સંકુલ બન્યું જેણે આ વિસ્તારનો કાયાકલ્પ કરી નાખ્યો. ૧૯૫૯માં અહીં વિનય મંદિર શરૂ થયું અને ૧૯૬૦માં, ગુજરાત રાજ્યના સ્થાપના વર્ષમાં બહેનો માટેની પીટીસી કોલેજ શરૂ થઈ. ગોરા ઉત્તમ શિક્ષક, આચાર્ય અને કેળવણીકાર. દષ્ટિવંત અગ્રણી. તેમણે પોતાની જાતને ઓગાળી દીધી. ૧૯૫૯થી ૨૦૨૨માં, ગોરાએ વિદાય લીધી ત્યાં સુધીમાં હજારો બહેનો અહીં ભણીને શિક્ષિકા બની. ગોરાના વતન હડિયાલમાં આશરે ૯૦૦ જેટલા શિક્ષકો છે. એટલે કે, આખું ગામ જ શિક્ષકોનું છે. ગુજરાતમાં સૌથી વધુ શિક્ષકો હોય તેવું ગામ હોય તો તે હડિયાલ છે. અહીં માતા-પિતા શિક્ષક હોય અને પુત્ર તથા પુત્રવધૂ શિક્ષક હોય તેવા ઘણા પરિવારો છે. કોઈ પરિવારમાં માતા-પિતા અને પુત્ર-પુત્રી શિક્ષક હોય તેવું પણ હોય. ટૂંકમાં ઘરે ઘરે શિક્ષક. આનો યશ ગોરાને જાય છે. ગોરાએ જે વિદ્યાતપ કર્યું તેને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ. વિશ્વ મંગલમમાં શિક્ષણ લઈને જે દીકરીઓ શિક્ષિકા બની તે ઉત્તમ શિક્ષિકાઓ બની. ગુજરાતના ખૂણે ખૂણે જઈને તેમણે શિક્ષણનો ઉત્તમ પ્રસાર કર્યો. આ છે ગોરાનું બહુમૂલ્ય પ્રદાન. બીજા કોઈ કેળવણીકાર કે શિક્ષણકાર આવો ચમત્કાર કરી શક્યા નથી.

વિશ્વ મંગલમમાં જે વિનય મંદિર છે તે પણ નમૂનેદાર છે. અહીં હજારો વિદ્યાર્થીઓ ભણ્યા છે અને જીવનદષ્ટિ પામ્યા છે. તેમના હાથ નીચે અને હૃદય સાથે ભણેલા અને અત્યારે સૃષ્ટિ સંસ્થા સાથે સંકળાયેલા રમેશ પટેલ ભાવવિભોર થઈને ગોરાને યાદ કરે છે. તેમણે કહ્યું કે, હું જે છું તેમાં ગોરાનું મોટું પ્રદાન છે. ડગલે ને પગલે તેમણે મને માર્ગદર્શન આપ્યું હતું. રમેશ પટેલ વિશ્વ મંગલમના પૂર્વ વિદ્યાર્થી છે. રમેશ પટેલને પત્રકારત્વના અભ્યાસક્રમ સુધી પહોંચાડનાર પણ ગોરા જ હતા.

તમને આવા તો અનેક વિદ્યાર્થી મળે. સંજોગોવસાત ભણવાનું છોડવાની તૈયારી કરતા અનેક વિદ્યાર્થીઓને ગોરાએ હાથ પકડીને શિક્ષણના ક્ષેત્રમાં જાળવી રાખ્યા છે. અનેક વિદ્યાર્થીઓને તેમણે અંગત રીતે માર્ગદર્શન આપ્યું છે. તેમની સાથે લાંબો સમય કામ કરનારાં આચાર્યા શારદાબહેન કહે છે કે, તેઓ માત્ર તનથી ગોરા નહોતા, મનથી પણ ગોરા હતા. શિક્ષણ માટેની તેમની પ્રતિબધ્ધતા જબરજસ્ત હતી. તેઓ જતું કરનારા હતા. લોકો પાસેથી કામ લેતાં તેમને આવડતું હતું. સંસ્થા ચલાવવાનું સહેલું નથી હોતું. અનેક પડકારો અને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કૃતનિશ્ચયી અને સંકલ્પબદ્ધ ગોરા અડગ રહેતા. તેઓ પોતાના મુખ્ય લક્ષ્યને વારંવાર જોઈને કામ કરતા રહેતા.

માતૃસંસ્થા ગૂજરાત વિદ્યાપીઠને જરૂર પડી તો અહીં તેમણે ૨ ૩મી જૂન, ૧૯૯૬થી ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૦ સુધી કુલનાયક તરીકે પણ ફરજ બજાવી હતી. રામલાલ પરીખની વિદાય પછી આ જગ્યા ખાલી પડી હતી. રામલાલ પરીખ તો વૈશ્વિક પુરુષ. સતત આખા વિશ્વમાં વિચરતા રહે. રામલાલ પરીખની ગૂજરાત વિદ્યાપીઠ ઉપર જબરજસ્ત પકડ હતી. વિદ્યાપીઠનો વ્યાપ વધારવામાં તેમનું મોટું પ્રદાન. એમના સ્થાને આવીને કામ કરવું સહેજે સહેલું નહોતું. જોકે, ગોવિંદભાઈએ એ નાજુક સમયને સાચવી લીધો હતો. એમની વિદાય પછી જિતેન્દ્રભાઈ દેસાઈ આવ્યા અને પછી અરૂણભાઈ દવે કુલનાયક તરીકે આવ્યા. અલબત્ત, એ સમય પછી ગૂજરાત વિદ્યાપીઠમાં એક યા બીજા કારણોસર વિવાદ-વિખવાદ થતા જ રહ્યા. જે સંસ્થાનાં પોત-પ્રતિભા ઝળહળ થતાં હતાં તેમાં ઝાંખપ આવી.

ગોવિંદભાઈ અને સુમતિબહેને પલાંઠી મારીને, વિશ્વ મંગલમમાં જે કામ કર્યું તે ગૂજરાતના વિકાસમાં માનભેર સ્થાન પામી શકે તેવું છે. એ કામ જેવું તેવું નથી. ઘણીવાર આપણે કેટલીક ખૂબ જાણીતી થઈ ગયેલી સંસ્થાઓથી એટલા બધા અંજાઈ જઈએ છીએ કે, પાયાનું કામ કરનારી સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફ આપણું જવું જોઈએ તેટલું ધ્યાન જતું નથી. કેટલાક કેળવણીકારોને, ચોક્કસ પરિબળોને કારણે મળી ગયેલી લોકપ્રિયતા કે પ્રતિષ્ઠાને કારણે ઘણીવાર ગોરા જેવા પાયાનું કામ કરનારા લોકો વિશે ખાસ લખાતું નથી. આ દુઃખદ છે પણ વાસ્તવિક પરિસ્થિતિ છે.

ગોરા ઉત્તમ વાચક અને લેખક હતા. તેઓ સતત વાંચતા. મૃત્યુના આગલા દિવસ સુધી તેમનો વાંચન યજ્ઞ ચાલુ હતો. તેમણે ઘણાં ઉત્તમ પુસ્તકો પણ લખ્યાં છે. એક ઉત્તમ શિક્ષક, પ્રતિબધ્ધ શિક્ષક એવા ગોરાનું હૃદય માતૃહૃદય હતું. હજારો વિદ્યાર્થીઓના હૃદયમાં ગોરાએ સ્થાન મેળવ્યું હતું. તેઓ નમ્ર હતા. સંવેદનશીલ હતા. કોઈ પણ વિપરિત સ્થિતિમાં ધીરજ રાખીને કામ કરી શકતા. વિશ્વ મંગલમ એટલે એક એવી જગ્યા જ્યાં સરસ્વતી માતાએ પારાવાર કૃપા કરી. અહીં લહેરાતાં હજારો વૃક્ષો, ગૌશાળા, બાગ-બગીચા અને સંવેદનશીલતાથી ધબકતાં માનવ હૃદયો. વિશ્વ મંગલમનો બીજો ભાગ એટલે વૃંદાવન. વિશ્વ મંગલમથી દસ કિલોમીટર દૂર એંસી એકર જમીન પર વૃંદાવનનું સર્જન ગોરા અને તેમના સાથીદારોએ કર્યું હતું. સમાજને પાંચ હજારથી પણ વધારે શિક્ષિકાઓની ભેટ આપનારા ગોરાને વંદન કરીએ.

**ગોધૂલિઃ**

ગોવિંદભાઈની વિદાયની ગુજરાતે ખાસ નોંધ ના લીધી. ગુજરાત ક્યારે પોતાના ઘરઆંગણાંનાં રત્નોની સાચી કદર કરતાં શીખશે..?